૪૬મી સર્વ નેતૃત્વ તાલીમ શિબિર યોજાઈ

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ હેતુ પાંચ દિવસીય સર્વ નેતૃત્વ નિવાસી તાલીમ શિબિર સર્વ વિદ્યાલય, કડી ખાતે યોજાયો હતો, જેમાં ૧૪ કોલેજના ૬૬ વિદ્યાર્થીઓ અને ૪ પૂર્વ તાલીમાર્થીઓ જોડાયા હતા. ટ્રેનર અને એક્ષીક્યુટીવ કોચ એવા હરેશભાઈ પટેલે હાજર રહી વિદ્યાર્થીઓને નેતૃત્વના ગુણ વિકસે એ હેતુસર તાલીમ આપી હતી. . સમગ્ર તાલીમ દરમિયાન વૈજ્ઞાનીક અભીગમનાં ઉપયોગથી ટ્રેનર દ્વારા વિવિધ પ્રશ્નાવલી અને પ્રવૃતિઓ દ્વારા નેતૃત્વ માટેનાં ગુણોની ચર્ચા, જીવનમાં નક્કી કરેલ લક્ષ્ય સુધી પહોંચવા કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું, લોકો સાથે કુશળ વ્યવહાર અંગેનું માર્ગદર્શન અને રાષ્ટ્રનિર્માણમાં સમાજઉપયોગી પ્રોજેક્ટ દ્વારા કેવી રીતે યોગદાન આપી શકાય તેની શીખ આપી હતી. તાલીમ દરમિયાન આઈ.આઈ.ટી, ગાંધીનગરના પ્રોફેસર- હિરલ મહેતા કે જેઓ છેલ્લા ૯ વર્ષથી મિશન વિદ્યા પર કામ કરે છે તેમણે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને વિવિધ પ્રોજેક્ટ્સને સફળતાપૂર્વક કેવી રીતે પૂર્ણ કરાય, સાથે પડકારોનો સામનો કેવી રીતે કરી શકાય તેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ડો. કપિલ ત્રિવેદી દ્વારા શરીર અને મનને સ્વચ્છ તથા સ્વસ્થ રાખવા જીવનમાં યોગ, ધ્યાન અને કસરતનું મહત્વ સમજાવાયું અને તેનો અનુભવ કરાવાયો હતો, જેનો ખુબ જ સારો પ્રતિભાવ મળ્યો હતો. તાલીમના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને હાજીપુર સ્થિત મંથન અપંગ કન્યા સેવા સંકુલની મુલાકતે લઈ જવામાં આવ્યા હતા. શિબિરના અંતે સમાપન સમારંભમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ, રોટરી ઝોન-૬ના આસીસ્ટન્ટ ગવર્નર જશવંત ગાંધીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સફળ અને ગુણવાન જીવન જીવવા માટે માર્ગદર્શન આપી, પ્રેરણા પૂરી પાડી હતી. પૂર્વ તાલીમાર્થી કૌશિક કલાલને વિવિધ પ્રોજક્ટમાં વિશિષ્ટ યોગદાન બદલ ચેરમેન વલ્લભભાઈ પટેલના હસ્તે મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક પ્રો. ઉદય વૈદ્ય દ્વારા કરવામાં આવ્યું હતું. પૂર્વ તાલીમાર્થી ઉર્મિલા, આરતી પટેલ, સુરજ મુંજાણી અને કૌશિક કલાલ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા પ્રસંશનીય કામગીરી કરવામાં આવી હતી.

જન્મદિને વધામણી

ભાવનાબેન કીર્તિભાઈ સુખડીયા
મો. ૯૪૨૮૭ ૩૪૨૨૦

અશોકકુમાર કે પટેલ
મો. ૯૬૨૪૧ ૨૮૩૫૫

સંદીપકુમાર પંટરીનાથ જગતાપ
મો. ૯૮૨૪૦ ૦૩૦૧૨

ઈશા મનસુરી

ઍમ બી પટેલ અંગ્રેજી માધ્યમ સ્કૂલનો દમદાર વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ અંગ્રેજી માધ્યમ સ્કૂલનો વાર્ષિકોત્સવ ભવ્યતાથી ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મંડળના ગાંધીનગર પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, ગુજરાત પોલીસના ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ મહેશકુમાર ડી પરમાર, દાતા ભગુભાઈ પટેલ, એએફએસ ઈન્ટરકલ્ચરલ પ્રોગ્રામ, ઈન્ડિયાનાં દિવ્યા અરોરા અને પૂર્વ વિદ્યાર્થી તથા હાલ તબીબ એવા ગુંજન દેસાઈ તથા ફિઝિયોથેરાપીસ્ટ ડૉ. ક્રિના મયારા ઉપસ્થિત રહ્યાં હતાં.

'જીવનમાં નૈતિક મૂલ્યોનું મહત્ત્વ' વિષયે આ વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ગણપતિ વંદનાથી કાર્યક્રમની શરૂઆત બાદ આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને સ્વાગત પ્રવચન આપ્યું હતું. એ પછી વિદ્યાર્થીઓ દ્વારા ગીત, સંગીત અને નાટ્યનો સુંદર દોર ચાલ્યો હતો, જેણે પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

વર્ષ દરમિયાન અભ્યાસ ઉપરાંત ઇતર પ્રવૃત્તિઓમાં સિદ્ધિ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને આ પ્રસંગે ઇનામો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન સ્નેહા પટેલના માર્ગદર્શનમાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળતા બક્ષી હતી.

સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજમાં પારિતોષિક વિતરણ સમારંભ

ગાંધીનગર, તા. ૧૫

શ્રી એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન.આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડીમાં શૈક્ષણિક ક્ષેત્રે શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓનો પારીતોષિક વિતરણ અને બી.એ./બી.કોમ.સેમ. ૬ અને એમ.એ./એમ.કોમ. સેમ. ૪ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

આ સમારોહનું અધ્યક્ષ સ્થાન શ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ સુભાષભાઈ આર. શાહે શોભાવ્યું હતું. કોલેજની બહેનો દ્વારા રજૂ થયેલી પ્રાર્થનાથી કાર્યક્રમની શરુઆત થઈ હતી. કોલેજના આચાર્ય ડૉ. જી. ડી. ત્રિપાઠીએ સ્વાગત પ્રવચન આપ્યું હતું.

પ્રૉ. રવિ રંગવાણીએ કોલેજમાં વર્ષ દરમ્યાન થયેલ વિવિધ પ્રવૃતિઓના અહેવાલનું વાંચન કર્યું હતું. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના મહામાત્ર ડૉ. અજયસિંહ ચૌહાણે વિદાય લેતા વિદ્યાર્થીઓને શીખ આપતા કહ્યું હતું કે કોઈપણ કાર્ય સાતત્ય પૂર્વક સતત કરવાથી સિદ્ધિ ચોક્કસ મળે છે. મહેમાન અશ્વિનભાઈ પરીખે વિદ્યાર્થીઓને અભ્યાસ ક્ષેત્રે આવો જ શ્રેષ્ઠ દેખાવ સાતત્યપૂર્ણ જળવાઈ રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

વર્ષ દરમિયાન અભ્યાસ ઉપરાંત ઇતર પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેનારા વિદ્યાર્થીઓને ઇનામો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત એમ.ફિલ.ની પદવી મેળવનાર પ્રૉ. રવિ રંગવાણી અને સેટની પરીક્ષા પાસ કરનાર ડૉ. રોનક પરમારનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ શૈક્ષણિક સત્રના અંતે નિવૃત્ત થઈ રહેલા કૉમર્સ વિભાગના સિનિયર અધ્યાપક એસ ટી પટેલને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મનીષભાઈ જશુભાઈ કંદોઈ (મનીષા મીઠાઈ ઘર), જયદીપભાઈ બ્રહ્મભટ્ટ, રાજુલભાઈ પરીખ, અબ્દુલભાઈ દલાલ, સુરેશભાઈ પટેલ, રાજેંદ્રભાઈ નાયક, સાધનાબેન પરીખ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. જે. એમ. ચાવડા તથા ડૉ. ચિરાગ ધંધુકિયાએ કર્યું હતું. આભાર દર્શન ડૉ. જી. સી. સોઢાપરમારે કર્યું હતું.

ઈન્કમટેક્ષ ઓફિસર બનવા શું કરવું જોઈએ ?

નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગર ની આસપાસ ના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવા થી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો : facebook.com/questions.careercorner પર...

૧. હું બી.કોમ.માં અભ્યાસ કરું છું. ઇનકમટેક્ષ ઓફિસર બનવા માટે શું કરવું જોઈએ?

- પ્રતિક પટેલ , ગાંધીનગર

પ્રતિક , આવકવેરા (ઇનકમટેક્ષ) અધિકારી બનવા માટે, સૌ પ્રથમ આવકવેરા નિરીક્ષક અથવા કર સહાયક તરીકે આવકવેરા વિભાગમાં પ્રવેશ કરવાનો રહે છે ત્યાર બાદ અ ા પ વિભાગીય પરીક્ષાને પાત્રતા પ્રાપ્ત કર્યા પછી આવકવેરા અધિકારીની નિમણૂંક મેળવી શકો છો. આવકવેરા નિરીક્ષક અથવા ટેક્સ સહાયક તરીકે જોડાવા માટે જરૂરી પ્રથમ પગલું એ સંયુક્ત સ્નાતક સ્તરની પરીક્ષાને પાત્ર બનવુ. તે પછી, ઇન્કમ ટેક્સ ઇન્સ્પેક્ટર પોસ્ટ માટે અને ટેક્સ સહાયક પોસ્ટ માટે સ્કિલ ટેસ્ટ હોય છે. આપ આ ઓલ ઇન્ડિયા લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઑનલાઇન અથવા ઑફલાઇન અરજી કરી શકે છો.આ માટે આપે એસ.એસ.સી (સ્ટાફ સિલેક્ષન કમિશન) ધ્વારા લેવામાં આવતી સી.જી.એલ (કંબાઇંડ ગ્રેજ્યુએશન લેવલ)ની સ્પર્ધાત્મક પરીક્ષા આપી શકો છો. આ પરીક્ષા ત્રણ પડાવ માં લેવામાં આવે છે. પ્રથમ પ્રિલિમ પરીક્ષા ત્યાર બાદ મેઈન્સ અને ત્યાર બાદ ટાઈપિંગ ટેસ્ટ આપવાની હોય છે.આ પરીક્ષા માં મુખ્યત્વે અંગ્રેજી, ગણિત, રીઝનીંગ અને જનરલ નોલેજના પ્રશ્નો પુછવામાં આવે છે.આ પરીક્ષા માટે શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો આપે કોઈ પણ સરકાર માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરેલ હોવી જોઈએ.આમ આપ આ પરીક્ષા યોગ્ય અને સારી મેહનત કરી ને ચોક્કસ પાસ કરી શકો છો.એ માટે આપ અત્યાર થી જ મેહનત ચાલુ કરી આ પરીક્ષા માટે તૈયાર થઈ શકો છો.જનરલ નોલેજ અને અંગ્રેજી સુધારવા માટે આપ અંગ્રેજી ન્યૂઝપેપરનું વાંચન કરી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

૨. હું ૧૧ કોમર્સમાં અભ્યાસ કરું છું. હું એમ.બી.એ કરવા માંગુ છું. શું ધોરણ ૧૨ પછી ડાયરેક્ટ આઈ.આઈ.એમ.માં એડમિશન મળી શકે? એમ.બી.એ. કરવા માટે બીજા કયા વિકલ્પ હોય છે ધોરણ ૧૨ પછી?

- જિગર સોલંકી, દહેગામ

જિગર, સૌપ્રથમ તો આપને અભિનંદન કે આપને અત્યારથીજ આપનો ધ્યેય ખ્યાલ છે અને આપ ધ્યેયને હાંસિલ કરવા પ્રયત્નશીલ છો. આપનો ધ્યેય ઘણો ઊંચો પણ છે અને એ સારી વાત છે. હવે આપના સવાલની વાત કરીએ તો આપ આઈ. આઈ. એમ.માં એડ્મીશન લેવા માંગો છો તો આપ ધોરણ ૧૨ પૂરું કરીને અથવા તો ગ્રેજ્યુએશન પૂરું કર્યા પછી આઈ.આઈ.એમ.માં એડ્મીશન મેળવી શકો છો.જો આપને ધોરણ ૧૨ પછી આઈ.આઈ.એમ.માંથી એમ.બી.એ. કરવું હોય તો આપ આઈ.આઈ.એમ.-આઈ.પી.એમ એટ્લે કે ઈન્ટેગ્રેટેડ પ્રોગ્રામિંગ ઈન મેનેજમેંટ નામની પ્રવેશ પરીક્ષા આપી, આઈ.આઈ.એમ.માં એડમિશન મેળવી શકો છો.આપને જણાવી દઈએ કે ધોરણ ૧૨ પછી આ પાંચ વર્ષનો કોર્ષ કરાવતી એક માત્ર આઈ.આઈ.એમ. છે અને તે ઈન્દોર સ્થિત છે. આ પરીક્ષામાં મુખ્યત્વે ગણિત અને અંગ્રેજીના પ્રશ્નો પૂછાતા હોય છે. આઈ. પી.એમ.ની પરીક્ષા ઓનલાઈન હોય છે અને ઓનલાઈન પરીક્ષામાં ઉતીર્ણ થયા બાદ આપે નિબંધ લેખન અને ઈન્ટરવ્યૂ પાસ કરી સિલેક્ટ થવું પડે છે. બીજા વિકલ્પની વાત કરીએ તો આપ ગ્રેજ્યુએશન બાદ પણ આઈ.આઈ.એમ.માં એડ્મીશન મેળવી શકો છો. તેના માટે આપે સી.એ.ટી.(કેટ) નામક પરીક્ષા આપવાની હોય છે. આ પરીક્ષામાં મુખ્યત્વે ગણિત , તાર્કિક, અંગ્રેજીના વિષયોમાંથી પ્રશ્નો પૂછાતા હોય છે. સામાન્ય જ્ઞાન માટે આપ અત્યારથી જ અંગ્રેજી ન્યુઝ પેપર વાંચવાની શરૂઆત કરી શકો છો. ધોરણ ૧૨ પછી આઈ.આઈ.એમ.માં જવાનો એક સારો વિકલ્પ આપની પાસે છે કારણકે ઘણા બધા વિદ્યાર્થીઓ પાસે આ વિશેની માહિતી ના હોઈ, આ પરીક્ષામાં સ્પર્ધા પ્રમાણમાં ઓછી હોય છે જેથી આપ થોડી વધુ મેહનત કરીને ઉત્તિર્ણ થઈ શકો છો. ઉપર જણાવેલ પરીક્ષા સિવાય આપ યૂ.જી.એ.ટી., એન.પી.એ.ટી., એસ.ઈ.ટી., વિગેરે પરીક્ષાઓ આપી ભારતની અન્ય પ્રતિષ્ઠિત કોલેજોમાંથી પણ એમ.બી.એ. કરી શકો છો. ધ્યાનમાં રાખવા લાયક બાબત એ છે કે મોટાભાગની પરીક્ષાઓ ઓનલાઈન હોય છે અને તેમાં ઉતીર્ણ થયા બાદ આપે ઈન્ટરવ્યૂ, ગ્રુપ ડિસકશન વિગેરે આપવાના હોય છે. અને તેમાંથી પણ ઉતીર્ણ થયા બાદ આપનું સિલેક્ષન થતું હોય છે. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે!

૩. હું અત્યારે ધોરણ ૧૨માં અભ્યાસ કરું છું. ફેશન ડિઝાઇનર બનવા માટે શું કરવું જોઈએ?

- હેતલ ગાંધી, અમદાવાદ

ફેશન ડિઝાઈનર્સ વિવિધ આકાર અને પ્રકારના કપડાંની ડિઝાઈન તૈયાર કરે છે. જેના થકી આપ વિવિધ ક્ષેત્ર કે જેમાં અલગ-અલગ પ્રકારના કપડાંનો ઉપયોગ/ઉત્પાદન થાય છે તેમાં કામ મેળવી શકો છો. ડિઝાઈનર્સ ઘણી વાર ખાસ પ્રકારનાં કપડાંમાં નિષ્ણાત હોય છે - ઉદાહરણ તરીકે, પુરુષો, બાળકો અથવા સ્પોર્ટ્સવેર વિગેરેમાં. ફેશન ડિઝાઈનર બનવા માટે તમારી પાસે રંગ અને આકારની સારી પરખ હોવી જરૂરી છે. તેના માટે આપે આપની નજર સતેજ કરવી જરૂરી છે.તમારે પેટર્ન-કટીંગ અને સીવણ જેવી કુશળતાની જરૂર પડશે. અને વધુમાં આપને ફેશન ટ્રેન્ડ એટ્લે કે હાલ બજારમાં કેવા પ્રકારની ફેશનની માંગ છે તેનું જ્ઞાન હોવું અને રાખવું જરૂરી છે. તમારે સામાન્ય રીતે ફેશન ડિઝાઈન સંબંધિત ઉચ્ચશિક્ષણ પણ પ્રાપ્ત કરવાની જરૂર પડશે, જેમ કે બેચલર ઓફ ડિઝાઈન, બેચલર ઓફ સાઈન્સ (ફેશન ટેક્નોલૉજી) વિગેરે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (એન.આઈ.ડી), નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેક્નોલૉજી, પર્લ ઇન્સ્ટિટ્યૂટ વિગેરે ભારતની પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં આવે છે હે આપને ફેશન ડિઝાઈનના કોર્સ કરાવે છે. તદુપરાંત તકનીકી કુશળતા પણ શીખવવામાં આવે છે જે તમને વ્યવહારિક જ્ઞાન આપશે જે તમને વિવિધ ક્ષેત્ર અથવા ઉદ્યોગમાં કામ કરવા માટે ઉપયોગી થશે. ઘણા પ્રાઈવેટ કોર્સ પણ હોય છે જે આપને આ બધી તાલીમ આપતા હોય છે. પ્રાઈવેટ કોર્સમાં જતાં પહેલા તેની વ્યવસ્થિત ચકાસ કરી લેવી હિતાવહ છે. એ સિવાય તાલીમ પૂર્ણ થયા બાદ આપે આપનો પોર્ટફોલિઓ તૈયાર કરવાનો રહેશે જેમાં આપના વિવિધ કામના નમૂના આપે જોડાણ કરેલા હોય. કોઈ કંપની આપને આપે તૈયાર કરેલ કોઈ ડિઝાઈન સાથે લઈ ને બોલાવી શકે છે જે માટે આપે તૈયાર રહેવું જરૂરી છે. આ ક્ષેત્રમાં અન્ય દેશો કરતાં ભારતમાં સ્પર્ધા ઓછી છે તેમ છતાં આપે આ માટે મેહનત અને ખંતથી આપની પ્રતિભામાં વધારો કરી સફળ થઈ શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જવલંત કારકિર્દી માટે !

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ ઍડ્ર, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 8849221653
ફેસબુક: www.facebook.com/questions.careercorner

પત્રકાર ગાંધીજી

॥ બીજો મણકો ॥

આ બંને ભાઈઓએ 'યંગ ઈંડિયા'ની જવાબદારી ઓઢવાનું મને સૂચવ્યું ને 'યંગ ઈંડિયા'ને 'ક્રૉનિકલ'ની ખોટ હળવી કરવા સારુ અઠવાડિયાના એક વખતને બદલે બે વખત કાઢવાનું તેમને ને મને ઠીક લાગ્યું. સત્યાગ્રહનું રહસ્ય સમજાવવાની મને હોંશ હતી. પંજાબ વિષે હું કંઈ નહીં તો પણ યોગ્ય ટીકા કરી શકતો હતો, અને તેની પાછળ સત્યાગ્રહરૂપી શક્તિ પડી છે એમ તો સરકારને ખબર હતી. તેથી આ મિત્રોની સૂચનાનો મેં સ્વીકાર કર્યો.

પણ અંગ્રેજી મારફતે પ્રજાને સત્યાગ્રહની તાલીમ કેમ આપી શકાય? ગુજરાતમાં મારા કાર્યનું મુખ્ય ક્ષેત્ર હતું. ભાઈ ઈન્દુલાલ યાજ્ઞિક એ વેળા તે જ ટોળીમાં હતા. તેમના હાથમાં માસિક 'નવજીવન' હતું. તેનું ખર્ચ પણ પેલા મિત્રો પૂરું પાડતા. આ છાપું ભાઈ ઈન્દુલાલે અને તે મિત્રોએ મને સોંપ્યું. ને ભાઈ ઈન્દુલાલે તેમાં કામ કરવાનું પણ માથે લીધું. આ માસિકને સાપ્તાહિક કર્યું.

દરમ્યાન 'ક્રૉનિકલ' સજીવન થયું, એટલે 'યંગ ઈંડિયા' ફરી સાપ્તાહિક થયું, ને મારી સૂચનાથી તેને અમદાવાદમાં લઈ ગયા. બે છાપાં નોખે નોખે ઠેકાણે ચાલે તેમાં ખર્ચ વધારે થાય ને મને અગવડ વધારે થાય. 'નવજીવન' તો અમદાવાદમાં નીકળતું હતું. આવાં છાપાંને સ્વતંત્ર છાપખાનું જોઈએ એ તો મેં 'ઈંડિયન ઓપીનિયન'ને વિષે જ અનુભવ્યું હતું. વળી અહીંના તે વખતના છાપાના કાયદા પણ એવા હતા કે, મારે જે વિચારો પ્રગટ કરવા હોય તે વ્યાપારદૃષ્ટિએ ચાલતા છાપખાનાવાળા છાપતાં સંકોચાય. એ પણ છાપખાનું વસાવવાનું પ્રબળ કારણ હતું. અને તે અમદાવાદમાં જ સહેલાઈથી થઈ શકે તેમ હતું, એટલે 'યંગ ઈંડિયા' અમદાવાદમાં લઈ ગયા.

આ છાપાં મારફત મેં સત્યાગ્રહની તાલીમ પ્રજાને આપવાનો યથાશક્તિ આરંભ કર્યો. બંને છાપાંની નકલો જૂજ ખપતી હતી તે વધતી વધતી ૪૦,૦૦૦ની આસપાસ પહોંચી હતી. 'નવજીવન'ની ઘરાકી એકદમ વધી, જ્યારે 'યંગ ઈંડિયા'ની ધીમે ધીમે વધી. મારા જેલ જવા બાદ તેમાં ઓટ થયો ને આજે બંનેની ઘરાકી આઠ હજારની નીચે ચાલી ગઈ છે.

આ છાપાંમાં જાહેર ખબર ન લેવાનો મારો આગ્રહ અસલથી જ હતો. તેથી કશો ગેરલાભ થયો નથી એવી મારી માન્યતા છે, અને છાપાંની વિચારસ્વતંત્રતા જાળવવામાં આ પ્રથાએ બહુ મદદ કરી છે.

આ છાપાંની મારફતે હું મારી શાંતિ મેળવી શક્યો. કેમ કે જોકે તુરત મારાથી સવિનય ભંગનો આરંભ ન કરી શકાયો, પણ હું મારા વિચારો છૂટથી પ્રગટ કરી શક્યો, જેઓ સલાહસૂચના માટે મારા તરફ જોઈ રહ્યા હતા તેમને આશ્વાસન આપી શક્યો. ને મને લાગે છે કે, બંને છાપાંએ તે અણીને સમયે પ્રજાની ઠીક સેવા કરી અને લશ્કરી કાયદા જુલમને હળવો કરવામાં ફાળો ભર્યો.

'સત્યના પ્રયોગો'માંથી સાભાર